"Right to Information Web Portal"દ્વારા નાગરીકોને માહિતીના અધિકારની સેવા પુરી પાડવા અંગે."

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:વવઅ-૧૦૨૦૧૬-૧૫૭૯-આરટીઆઇ સેલ (પા.ફા),
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૩૦/૧૧/૨૦૨૧

વંચાણમાં લીધા:-

(૧) માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ .

(૨) ગુજરાત માહિતીનો અધિકાર નિયમો-૨૦૧૦.

(૩) સા.વ.વિ.નો ઠરાવ ક્રમાંક:વહસ-૧૦૦૫-૨૬૬૪-આરટીઆઇ સેલ(પા.ફા),તા.૦૧/૦૯/૨૦૨૧.

(૪) સા.વ.વિ.નો ઠરાવ ક્રમાંક:વહસ-૧૦૦૫-૨૬૬૪-આરટીઆઇ સેલ(પા.ફા),તા.૦૮/૦૯/૨૦૨૧.

(૫) ગુજરાત માહિતી આયોગનો સને ૨૦૧૫-૧૬ નો વાર્ષિક અહેવાલ .

(૬) RBI નો તા.૬/૧૨/૨૦૧૭ પરિપત્ર નં.RBI/2017-18/105 DPSS.CO.PD.No.1633/02.14.003 /2017-18

**આમુખ :**

રાજ્યના પ્રત્યેક જાહેર સત્તામંડળના કામકાજમાં પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાના હેતુથી જાહેર સત્તામંડળોના નિયંત્રણ હેઠળની માહિતી નાગરીકો મેળવી શકે તે માટે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની સેવા ઓનલાઇન કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ સંદર્ભે રાજ્યકક્ષાએ સચિવાલયથી શરૂ કરીને તબક્કાવાર જીલ્લાની કચેરીઓ સુધી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ અન્વયે ઓનલાઇન અરજી કરી શકે તેવી કાર્યપધ્ધતિ વિકસાવવાનુ અને તે અંગે માળખાકીય સુવિધા ઉભી કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે રાજ્યના નાગરીકો માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો-૨૦૧૦ હેઠળ ઓનલાઇન અરજી કરી શકે તે માટે "Right to Information Web Portal"ના માધ્યમથી પ્રથમ તબક્કે સચિવાલયના વિભાગો માટે ઓનલાઇન ઉપલબ્ધ કરાવવાનુ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :**

(૧) આ સેવાઓ મેળવવા માટે અરજદારોએ સરકારની વેબ સાઇટ https://onlinerti.gujarat.gov.in ઉપર અરજી કરવાની રહેશે.

(૨) અરજદાર પોતાના મોબાઇલ નંબર અથવા ઇ-મેઇલથી રજીસ્ટ્રેશન/લોગીન કરી શકશે.

(૩) વંચાણે લીધેલ ક્રમાંક ૧ અને ૨ મુજબ આ સેવા મેળવવા માટે અરજદારે અરજી દીઠ રૂ.૨૦ અરજી ફી તરીકે ચૂકવવાના રહેશે.

(૪) વંચાણે લીધેલ ક્રમાંક ૬ મુજબ ભારતીય રીઝર્વ બેંકની ગાઇડલાઇન અનુસાર ડેબીટ કાર્ડ ઉપરના MDR Charges (Bank Charges) સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવશે જ્યારે અન્ય માધ્યમથી ચુકવણાના કિસ્સામાં યુઝર ચાર્જ (Bank Charges) અરજદારે ચુકવવાના રહેશે.

(૫) આ પોર્ટલ અંગેની માર્ગદર્શક પુસ્તિકા (ગુજરાતી અને અંગ્રેજીમાં) Right to Information Web Portal ના લોગીન પેજ ઉપર ઉપલબ્ધ છે.

(૬) આ સેવા પ્રથમ તબક્કે સચિવાલયના વિભાગોમાં ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી શરૂ કરવામાં આવે છે.

(૭) નાગરીકોને ઓનલાઇન અરજી કરવા માટે જરૂરી માર્ગદર્શન અથવા ફરીયાદ નિવારણ માટે ઇ-મેઇલ એડ્રેસ:- onlinerti-support@gujarat.gov.in, હેલ્પ ડેસ્ક નંબર: ૦૭૯-૨૩૨-૫૮૦૭૭ નો સંપર્ક કરવાનો રહેશે.

આ ઠરાવ સામાન્ય વહીવટ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા. ૨૯/૧૧/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રાજેન્દ્રસિંહ રાઠોડ )
સરકારના નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ.

પ્રતિ,

❖ માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
➢ માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી /અધિક મુખ્ય સચિવશ્રી/સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
➢ સર્વે માન.મંત્રીશ્રી/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સ્વર્ણીમ સંકુલ,સચિવાલય,ગાંધીનગર
➢ માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
➢ સંયુકત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ,ગાંધીનગર.
❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
❖ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
➢ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
➢ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
➢ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પંસદગી મંડળ, અમદાવાદ
➢ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેક્ટર-૧૦, ગાંધીનગર
➢ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
➢ જિલ્લા તિજોરીઅધિકારીશ્રી, ગાંધીનગર
➢ પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
➢ નિવાસી અન્વેષક અધિકારીશ્રી, ગાંધીનગર.
➢ ડેપ્યુટી ડાયરેક્ટર જનરલશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ
➢ સચિવાલયના સર્વે વિભાગો- તેમના નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તા મંડળોને સૂચના પરિપત્રિત કરવાની વિનંતી સહ
➢ સર્વે જિલ્લા કલેકટરશ્રી-નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તામંડળોને સૂચના પરિપત્રિત કરવાની વિનંતી સહ
➢ સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી-નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તામંડળોને સૂચના પરિપત્રિત કરવાની વિનંતી સહ.
➢ નાયબ સેક્શન અધિકારીની સીલેકટ ફાઇલ.
➢ શાખા સીલેકટ ફાઇલ.

❖ **પત્ર દ્વારા**